બનાસકાંઠા જિલ્લા પંચાયતનું જર્જરિત બિલ્ડીંગ માંગી રહ્યું છે રિનોવેશન

૩૫ વર્ષ જુના બિલ્ડીગમાં અનહોની સર્જાય તે પૂર્વે રીનોવેશન કરવાની માંગ

અમદાવાદના ઓઢવમાં જર્જરીત બિલ્ડીંગ ધરાશાયી થવાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર રાજ્યમાં પડ્યા છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરની જિલ્લા પંચાયત બિલ્ડીંગ પણ જર્જરીત છે. ત્યારે કોઈ અનહોની સર્જાય તે પૂર્વે જિલ્લા પંચાયતનું બિલ્ડીંગ રીનોવેશન માંગી રહ્યું છે.

બનાસકાંઠાના મુખ્યાલય પાલનપુરની જિલ્લા પંચાયતના ૫ માળનું બિલ્ડીંગ આશરે પાંત્રીસ વર્ષ પહેલાં નિર્માણ થયું હતું. સમગ્ર જિલ્લાનો વહીવટ આ જિલ્લા પંચાયતમાંથી થાય છે. ત્યારે જિલ્લા પંચાયતની પરિસ્થિતિ જોઈએ તો અત્યારે જિલ્લા પંચાયત બિલ્ડિંગના કેટલાક ભાગમાં પોપડા ઉખડી રહ્યા છે. જિલ્લા પંચાયત બિલ્ડિંગમાં તિરાડો પડી ગઈ છે. અને જિલ્લા પંચાયતનું મકાન જર્જરિત હાલતમાં છે. ત્યારે અહીંયા એક હજારથી વધુ કર્મચારીઓ અહીંયા ફરજ નિભાવી રહ્યા છે. જ્યારે હજારો અરજદારો રોજિંદા કામ અર્થે આવે છે. ત્યારે આ જર્જરીત જિલ્લા પંચાયત કોઈ જાનમાલનું નુકસાન કરે એ પહેલાં તેના રિનોવેશનની માંગ ઉઠી છે.

પાંત્રીસ વર્ષ પહેલાં બનેલા જિલ્લા પંચાયતનું આ મકાન અત્યારે જર્જરિત દશામાં છે. પોપડા પણ ઉખડી ગયા છે અને તિરાડો પણ પડી છે પરંતુ જિલ્લા વિકાસ અધિકારી બી.એ.શાહ લુલો બચાવ કરી રહ્યા છે અને કર્મચારીઓ સુરક્ષિત હોવાનો દાવો પણ કરી રહ્યા છે.

અમદાવાદની ઘટનામાં જે પ્રમાણે જાનહાનિ થઈ તે પ્રકારે જ બનાસકાંઠા જિલ્લા પંચાયત પણ જર્જરીત છે અનેકવાર પોપડા પણ ઉખડ્યાં છે અને તિરાડો પણ પડી ગઈ છે ત્યારે હજારો અરજદારોની આવન જાવન અને કર્મચારીઓની ફરજ વચ્ચે આ જિલ્લા પંચાયતમાં ભયના ઓથાર હેઠળ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા વહીવટી તંત્ર અમદાવાદ જેવી ઘટનાનું પુનરાવર્તન બનાસકાંઠામાં થવાની રાહ જોયા વિના સત્વરે જિલ્લા પંચાયત બિલ્ડીંગનું રીનોવેશન કરાવે તે જરૂરી બન્યું છે.

બાયડની મહિલાઓ દ્વારા હાર્દિક પટેલના સમર્થનમાં દેખાવો

હાર્દિક પટેલના ઉપવાસને ૧૨માં દિવસે લોક સમર્થનમાં વધારો થયો છે. દિવસે ને દિવસે હાર્દિક પટેલના સમર્થનમાં વધારો થઈ રહ્યો છે. હાર્દિકના સમર્થનમાં હવે તેના સમર્થનમાં મોટા રાજકીય નેતાઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. આ સાથે હાર્દિકને રાજ્યભરમાંથી મુસ્લિમ, ઠાકોર અને દલિત લોકોનું પણ સમર્થન મળી રહ્યું છે. રાજ્યના અડધા જિલ્લાઓમાં હાર્દિકના ઉપવાસ અંગે રામધૂન અને દેખાવો જોવા મળી રહ્યા છે. હાલ મહિલાઓ થાળી-વેલણ લઈને પણ સરકાર સામે પડી છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં પાટીદાર સમાજ હાર્દિક પટેલના પાટીદારોને અનામત અને ખેડૂતોના દેવા માફીની માંગ સાથેના આમરણાંત ઉપવાસ અને અલ્પેશ કથીરિયા સામે સુરતમાં નોંધાયેલ રાજદ્રોહનો કેસ પરત લેવા અને જેલમાંથી મુક્ત કરવાની માંગ સાથે સરકાર સામે લડી લેવાના મુડમાં હોય તેમ ઠેર ઠેર રામધૂન અને પાટીદારો મુંડન કરી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બાયડ તાલુકાના તેનપુર ગામે મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી "હાય રે મોદી હાય હાય"ના છાજીયા લીધા હતા અને થાળી-વેલણ વગાડી અને રામધૂન બોલાવી હાર્દિક પટેલના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી અને ૨૦૦થી વધુ પાટીદાર સમાજના લોકોએ મુંડન કરાવી રાજ્ય સરકારની નીતિ સામે આકરા પ્રહારો કર્યા હતા.

હિંમતનગર તાલુકાના ત્રણ ગામોમાં હાર્દિકના સમર્થનમાં થાળી-વેલણ વાગ્યા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં આવેલા પાટીદારો પ્રભાવિત વિસ્તારોમાં અનામત આંદોલન તથા ખેડૂતોના દેવા માફીના પ્રશ્ને હાર્દિકના ઉપવાસ આંદોલનને વ્યાપક જનસમર્થન મળી રપહ્યું છે. ત્યારે સાબરકાંઠા જિલ્લો પણ તેમાંથી બાકાત ન હોય તેમ મંગળવારે રાત્રે હિંમતનગર તાલુકાના કેટલાક ગામની મહીલાઓ ગામના મંદિરમાં થાળી વેલણ સાથે આવીને ઘંટરાવ કરીને વાતાવરણને ગજવી દીધુ હતુ.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અનામત આંદોલન અને કિસાનોના દેવા માફ કરવાની માંગ સાથે હાર્દિક પટેલે શરૂ કરેલા ઉપવાસ આંદોલનને બુધવારે બાર દિવસ પૂર્ણ થયા છે. ત્યારે તેને સમર્થન આપવા માટે થોડા દિવસ અગાઉ સાબરકાંઠાના અનેક ગામોમાં યુવાનોએ પ્રતિક ઉપવાસ તથા રામધુન અને ધરણાંના કાર્યક્રમ યોજતા વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું હતું.

દરમ્યાન મંગળવારે રાત્રે હિંમતનગર તાલુકાના કુમળા, અડપોદરા અને બેરણા ગામે મહીલાઓએ અગાઉની જેમ થાળી વેલણનો ઘંટરાવ કરીને હાર્દિકના સમર્થનમાં તથા સરકારના વિરોધમાં બ્યુગલ ફુંક્યુ હતુ. ઉપરાંત બેરણા ગામે ગુરૂવારે કેટલાક પાટીદારોએ મુંડન કરાવવાનો નિર્ધાર જાહેર કર્યો છે. સાબરકાંઠાના અનામત આંદોલનને લઈને યોજાઈ રહેલા વિવિધ કાર્યક્રમોને જોતા એવું લાગી રહ્યું છે કે વહીવટીતંત્ર તથા સરકાર જો સત્વરે વિશાળ સમાજોના હિતને ધ્યાનમાં રાખી હકારાત્મક કાર્યવાહી નહી કરે તો રાજકિય રીતે તેની દુરોગામી અસરો વર્તાય તેમ લોકો માની રહ્યા છે.

મહેસાણા જિલ્લાની શાળાઓમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

આજે ડો. સર્વપલ્લી રાધાકિર્ષ્ણના જન્મદિવસે મહેસાણા જિલ્લાની શાળાઓમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ હતી. દેશનું ભવિષ્યએ આજે શિક્ષણ કાર્ય હાથમાં લીધું હતું. મહેસાણા જિલ્લાની તમામ શાળાઓમાં ઉત્સાહભર શિક્ષક દિવસની ઉજવણી થઈ હતી. બાળકો દ્વારા લેખન, ગણન અને વાંચન કરાવી શિક્ષાના પાઠ ભણાવ્યા હતા. શહેરની કર્વે પ્રાથમિક શાળાઓમાં વિધાર્થીઓ દ્વારા સમગ્ર દિવસ દરમિયાન શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવદાદાની સવારી નિકળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવદાદાની દર વરસની જેમ આ વર્ષે પણ દાદાની સવારી નિકળી હતી. જેમાં શિવભકતો દ્વારા દાદાની પધરામણી ઘરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવોના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવની દર વર્ષની જેમ જન્માષ્ટમીના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવી હતી અને અગાઉથી નોંધણી થયેલ શિવભકતોના ઘરે દાદાની પધરામણી કરવામાં આવી હતી. જેમાં આ વર્ષે પણ શ્રી માલ્કડેશ્વરદાદાની સવારી દર વર્ષની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નિકળી હતી અને દાદાએ ભક્તોના ઘરે ઘરે જઈ આશીવાર્દ આપ્યા હતા. જયારે ભકતો દ્વારા દાદાની પધરામણી કરાવી દાદાની આરતી ઉતારી પોતે ધન્યતા અનુભવી હતી ત્યારે દર વરસે દાદાની પાલખી ભૂદેવો તથા પટેલ સમાજના યુવાનો દ્વારા નિયત સમયે અને અગાઉ નકકી કરેલ રૂટ ઉપર થઈ દાદાની સવારી ભકતોના ઘરે ઘરે લઈ જવામાં આવે છે અને સંધ્યાકાળ પહેલાં દાદા સવારી પરત મંદિરમાં પહોચી જાય છે. તો દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રમાણિકતા હજુ મળી પરવારી નથી

પ્રાંતિજના મજરાના નિવૃત્ત શિક્ષક પાંચ હજાર રૂપિયા ભરેલ પર્સ ભુલી જતા લારીવાળાએ પરત કર્યું

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મજરા ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક કોઈ કામ અર્થે ગાંધીનગર ગયા હતા અને પરત ફરતાં તેવોનુ પર્સ ભુલથી રહી જતાં લારીવાળાએ સંર્પક કરી મૂળ માલિક નિવૃત શિક્ષકને પરત કર્યું.

પ્રાંતિજ તાલુકાના મજરા ગામે રહેતા નિવૃત શિક્ષક રમણભાઈ કે. વણકર તે જેવો ગાંધીનગર ખાતે કોઈ કામ અર્થે ગયાં હતાં અને ૨૧ સેકટરમાં આવેલ શાકભાજીની દુકાનમાંથી શાકભાજી લઈને પરત ફરતા હતા તે સમયે પરત ફરતા પોતે શાકભાઈ સહિતનુ વજન હોઈ સાઈડમાં આવેલ બાઈક પાંકિંગ ઉપર મુકીને થેલીઓ સરખી કરતાં તે દરમ્યાન રૂપિયા-૫૦૦૦ ભરેલ પર્સ ભુલીને ઘરે જતાં રહ્યાં હતા. પાસે ઉભેલ ઠંડાપીણાની લારીવાળાની નજર જતા તે પર્સ લઈ લીધું તો તેણા બીજા બે ભાઈઓને પણ જાણ કરી તો પર્સમાં તપાસ કરતાં ત્રણેય ભાઈઓને પર્સમાથી ટેલીફોન ડાયરી સહિત ફોન નંબર સાથેના ડોકયુમેન્ટ તથા ૫૦૦૦ રોકડ રકમ મળી આવતાં ત્રણેય ભાઈઓએ અસલ માલિક શિક્ષકનો સર્પક કરી તેવોને ગાંધીનગર બોલાવી પર્સ પરત કર્યું ત્યારે નિવૃત શિક્ષક દ્વારા ખુશ થઈને લારીવાળા બદરીભાઈ, છોટુભાઈ, પ્રકાશકુમારનો આભાર વ્યકત કર્યો હતો. ૫૦૦નું ઈનામ આપતાં તે પણ સ્વિકાર કર્યો નહતો. કળીયુગમા પણ પ્રમાણીકતા હજુ મરી પરવારી નથી તેમ કહીએ તો પણ નવાઈ નહીં.

આકોલી ગામના યુવાનને સેન્ટ્રલ વિજિલન્સ દ્વારા પ્રમાણપત્ર અપાયું

રાષ્ટ્રીય તકેદારી આયોગ .દિલ્લી દ્વારા ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢ ના રાજુભા ભગવાનસિંહ વાઘેલા ને દિલ્લી સેન્ટ્રલ વિજિલન્સ કમિશન દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી લડાઈમાં પ્રસનસીય કામગીરી કરવા બદલ ઈમાનદારી નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું.૩/૯/૨૦૧૮ ના રોજ દિલ્લી સેન્ટ્રલ વિજિલન્સ કમીશન ધ્વારા અપાયું પ્રમાણપત્ર જે ગુજરાત રાજ્યના રાજપૂત સમાજનું ગૌરવ લેવા જેવી બાબત છે.પ્રામાણિકતા પ્રમાણપત્ર મળવું ખૂબ મુશ્કેલી સે ત્યારે કાંકરેજ તાલુકાના આકોલી ગામના યુવાન રાજુભા ભગવાનસિંહ વાઘેલા ને પ્રામાણિકતા પ્રમાણપત્ર એનાયત કરતાંસમગ્ર જિલ્લામાં અને તાલુકા સહિત આકોલી ગામનું ગૌરવ વધારેલ સે આવા લોકહિત ના કામો અને સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે અનેભ્રષ્ટાચાર ના વિરોધ કરવા બદલ ઠેરઠેર હાર્દિક અભિનંદન આપ્યા હતા આમ એક રાજપૂત સમાજનું ગૌરવ અનુભવે તેવું નેકકામ કરેલ છે જેને કાંકરેજ ના લોકોએ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાંતિજ પ્રાથમિક શાળા નંબર - ૭નું ગૌરવ

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પ્રાથમિક શાળા નંબર- ૭ તાજેતરમાં જ લેવાયેલ જવાહર નવોદય વિધાલય દ્વારા ધોરણ-૬માં પ્રવેશ માટેની પરીક્ષામાં પ્રાંતિજ શાળા નંબર- ૭ શાળાનો

વિદ્યાર્થી રાઠોડ જયદિપ રાજેન્દ્રકુમાર સાબરકાંઠા જિલ્લામાં બીજા ક્રમે ઉર્તિણ થતાં શાળાનું તથા સમાજનું નામ રોશન સાથે ગૌરવ વધાર્યું છે. તો શાળા આચાર્ય તથા શાળા પરિવાર દ્વારા રાઠોડ જયદિપ રાજેશકુમારને અભિનંદન પાઠવ્યા હતાં.

પ્રાંતિજ ખાતે કોંગ્રેસ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું

સાબરકાઠામાં પ્રાતિજ ખાતે કોગ્રેસ દ્વારા ખેડૂતોના હિત માટે પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ મામલતદારને આવેદન પત્ર આપ્યું. પ્રાંતિજ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે તાલુકા સેવાસદન ખાતે જઈને પ્રાંતિજ મામલતદાર આર.કે. પટણીને ખેડૂતોના દેવા માફી, ખેડૂતોને દેવામાથી મુકત કરવા, જમીન સર્વેમાં થયેલ માપણી ફરીથી માપણી કરવા, ખેડૂતો દિન પ્રતિદિન વધતાં જતાં આત્મહત્યાને લઈને, પાક વિમાના પ્રશ્નો સહિતની વિવિધ માંગ સાથે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રેખાબેન સોલંકી, તાલુકા પ્રમુખ બેચરસિંહ રાઠોડ સહિત કોગ્રેસ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યું.

ધાનેરા વિસ્તારમાંથી જુગાર રમતા નવ શકુનિઓ ઝડપાયા

ધાનેરામાં લાધાપુરા વિસ્તારમાં જુગાર રમતા હોવાની બાતમીનાં આધારે જુગાર રમતા નવ શકુનીયોઓને કીમત રૂ.૨૩,૬૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. ધાનેરામાં લાધાપુરા વિસ્તારમાં જુગાર રમાતો હોવાની બાતમીનાં આધારે પોલીસે રેડ કરી હતી જયાં જુગાર રમતા નવ જુગારીયાઓ ઝડપાયા હતા જેમની પાસેથી રોકડ રૂ.૧૮,૧૮૦ કિમત રૂ.૫૫૦૦ના મોબાઈલ નં ૭ મળી કુલ રૂપિયા ૨૩,૬૮૦નો મુદ્દામાલ માલ કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન પદે સતત છઠ્ઠીવાર નરપતસિંહ સિસોદીયા

ભિલોડા,તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ચેરમેન પદે સતત છઠ્ઠીવાર સર્વાનુમતે વરણી કરતાં ખેડુતો આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા રજીસ્ટ્રાર

એસ.બી. ચૌહાણ, અરવલ્લી જીલ્લા સી.ઓ. બજાર, મોડાસાના મનિષભાઈ ઉપાધ્યાય, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ડીરેક્ટરો અને સહકારી ક્ષેત્રના રાજકીય આગેવાનોની ઉપસ્થિતીમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ચેરમેન પદે હિતેન્દ્રસિંહ નરપતસિંહ સિસોદીયા સતત છઠ્ઠીવાર સર્વાનુમતે ચુંટાઈ આવ્યા છે.

રાજકીય અને સહકારી ક્ષેત્રના આગેવાનો રણવીરસિંહ ડાભી,રાજેન્દ્રસિંહ ભાટી, જેસીંગભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, જવાહરભાઈ શાહ, નટવરસિંહ રાઠોડ, ગલબાભાઈ પ્રજાપતી, દિલીપભાઈ કટારા, તુલસીભાઈ રાવલ, રઘજીભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, રજાકભાઈ મનસુરી, વિષ્ણુભાઈ શાહ, મુકેશભાઈ પટેલ, સહિત વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમાં ૮ ખેડુત વિભાગના ડીરેક્ટરો,૪ વેપારી વિભાગના ડીરેક્ટરો, ૨ સહકારી વિભાગના ડીરેક્ટરો, ૧ પંચાયત વિભાગના ડીરેક્ટર, એક વિસ્તરણ વિભાગના ડીરેક્ટર કુલ ૧૬ ડીરેક્ટરોની હાજરીમાં ચેરમેન પદના ઉમેદવાર માટે એક પણ ઉમેદવારી ફોર્મ ભરાયું ન હતું. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ચેરમેન તરીકે હિતેન્દ્રસિંહ સિસોદીયા સર્વાનુમતે બિન હરીફ વરણી કરાઈ હતી. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેનએ માર્કેટયાર્ડનો છેલ્લા ૧૦ વર્ષના શાસનકાળ દરમ્યાન ઝળહળતો વિકાસ કર્યો છે. ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રધાન મંત્રી યોજના ઈ-નામ પ્રોજેક્ટ અંતર્ગત ખેડુતો આંતરરાષ્ટ્રીય અનાજોના માર્કેટોમાં પોતાનો માલ વેચી શકે અને ખેડુતોને ઉંચામાં ઉંચા પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સુવિધા કરાઈ છે. ભિલોડા તાલુકા વિધાનસભા મતવિસ્તારના તમામ મતદારોને વિમા કવચથી સુરક્ષીત કરાયા છે. આદિવાસી વિસ્તારના ખેડુતોને એક ટન દીઠ રૂા.૫૦૦/-ભાડુ આપવામાં આવે છે. ઈલેક્ટ્રોનિકસ વે-બ્રીજ, ખેડુતો માટે ભોજનાલય, ગેસ્ટ હાઉસ, વેર હાઉસીંગ ગોડાઉનો, દુકાનો સહિત વિવિધ પ્રકારની અદ્યતન સુવિધાઓ ઉપલધ્ધ કરી સતત ખેડુતોના વિકાસ માટેની કામગીરી ઉત્સાહ પુર્વક કરવામાં આવી રહી છે. ખેડુતો માટે લાભલાયી વિવિધ યોજનાઓ આગામી સમયમાં વધારો કરી ખેડુતોને વધુમાં વધુ લાભ થાય તેવી ખેડુતલક્ષી વિવિધ યોજનાઓ લાવવા માટેના ભગીરથ પ્રયાસો હાથ ધર્યા હતા.

કાંકરેજમાં ટવેરા ગાડીમાં રિપેરિંગ દરમિયાન શોર્ટસર્કિટથી આગ

કાંકરેજ ના ખીમાના ગામની ઘટનાઆવી સામે ..ટવેરા ગાડીમાં આગ ફાટી નીકળી.... ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ઓલાવવાની કામગીરી હાથ ધરવામાંઆવી... ગાડી ને મોટા ભાગે નુકસાન થયું ગાડી ડીસા તાલુકાના ઝાબડીયા ગામના ઠાકોર થાનાજી લાડજી ની હતી અને તેઓ ખીમાના ખાતે આવેલી જય દાદા ગેરેજ માં વેલ્ડીગ નું કામકાજ કરાવતી રહયા હતા ત્યારે ગાડી નંબર ય્ત્ર.૦૫.ઝઊ.૮૪૪૪ સુરત પારસિંગ વાળી ગાડી માં બોયનેટ બન્ધ કરતાં સૉર્ટ સર્કિટ થતાં લાગી હતી ગાડી બળી ને ભસ્મીભૂત થઈ કોઈ ને મોટી જાનહાની થાવ પામી ના હતી

ધાનેરાનાં પેગીયા ગામમાંથી જુગાર રમતા ત્રણ શકુનિઓ ઝડપાયા

ધાનેરાનાં પેગીયા ગામમાંથી જુગાર રમતા હોવાની બાતમીનાં આધારે જુગાર રમતા ત્રણ શકુનીયોઓને કીમત રૂ.૮૩૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

ધાનેરાના પેગીયા ગામે જુગાર રમાતો હોવાની બાતમીનાં આધારે પોલીસે રેડ કરી હતી જયાં જુગાર રમતા ત્રણ ઈસમો જડપાયા (૧) દશરતજી તેરસંગજી ઠાકોર (૨) જલાલશા જુમાશા રાઠોડ (૩) ડાયાભાઈ તોળાજી ચૌહાણ જુગાર રમતા ઝડપાયા હતા તેમની પાસેથી રોકડ રૂ.૩૮૯૦ તથા મોબાઈલ નં ૩ કિમત રૂ.૪૫૦૦ મળી કુલ કીમત રૂપિયા ૮૩૯૦નો મુદ્દામાલ માલ કબજે કરી જુગારધારા મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી..

મોડાસા ટાઉનહોલમાં અરવલ્લી જિલ્લાના ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરાયા

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૧૭-૧૮ના વર્ષ માટે જીલ્લાકક્ષાના ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોને ૫ સપ્ટેમ્બર શિક્ષણ દિન નિમિત્તે ગુજરાત રાજ્યના વેરહાઉસિંગ કોર્પોરેશન મગનલાલ માળીની ઉપસ્થિત એવોર્ડ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ.એસ. પટેલ, જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી, જીલ્લા શિક્ષણાધિકારી ડૉ. એ.કે. મોઢ પટેલ સહીત શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા ચાર રસ્તા પર આવેલા મહાલક્ષ્મી ટાઉન હોલ ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં જીલ્લા કક્ષાના સંગીતાબેન ચીમનલાલ સોની (હીરાપુર પ્રા.શાળા), ભારતીબેન શામળભાઈ પટેલ (ભટેરા પ્રા.શાળા), મકવાણા જયેશકુમાર મગનલાલ (સુનોખ સી.આર.સી) અને તાલુકા કક્ષાના દિનેશકુમાર રમણભાઈ પટેલ (રહે,મોડાસા પ્રાશાળા નં-૨), પ્રકાશકુમાર સરદારસિંહ મકવાણા (આંબલીયારા), નલિનકુમાર કાંતિલાલ ભાવસાર (રહે,મહુડા), ચંદુલાલ હરિભાઈ (ખાનપુરની મુવાડી), લતાબેન વિઠ્ઠલભાઈ પટેલ (ભુતા), રાજેશભાઈ ચીમનલાલ સોલંકી (સુરદેવી), ચંદુભાઈ સુરજીભાઈ ફણેજા (વાઘપુર), જીતેન્દ્રભાઈ કોદરભાઈ પટેલ (ખેરાડી) પ્રાથમિક શાળાના શિક્ષકોને સન્માનિત કરી પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.